# “પાકિસ્તાન સાથે ના રમીએ તો ના ચાલે?”

કાર્તિકેય ભટ્ટ

**લ્યો** પાકિસ્તાનનું પોત પ્રકાશ્યુ ને? કહી દીધું ને કે અમદાવાદમાં નહી રમીએ! એક અમદાવાદી મિત્ર ઊકળી ઊકળીને બોલી રહ્યા હતા.

આપણને ગાલે થપ્પડ પડે ત્યારે પણ આપણે ગુસ્સે જ થઈએ છીએ. માત્ર ગુસ્સે! ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ શ્રી નરહરિ અમીને પાકિસ્તાને અમદાવાદમાં રમવાની ના પાડી ત્યારે કીધું કે પાકિસ્તાન અમદાવાદમાં રમવાની ના પાડે તો એની સાથે ભારતભરમાં કયાંય રમવું ન જોઈએ... ભારતના મોટા ભાગના રાજકીય પક્ષોએ પણ ભેગા મળીને આ પ્રકારની જ પ્રતિક્રિયા આપી. પણ મૂળ વાત કોઈ નથી બોલતું અને તે એ કે આપણે આ દેશ સાથે સબંધ સુધારવાના આ એકપક્ષીય હરખપદુડા વેડાં કયાં સુધી કર્યા કરીશું? આપણે પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાની હા પાડી, આપણી ટીમને પાકિસ્તાનમાં અને પાક ટીમને ભારતમાં રમવા દેવાની વાત સ્વીકારી ત્યારે એ કહી શકયા ને કે અમારે અમદાવાદમાં નથી રમવું! પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાની જ જરૂર નથી એવું તો કોઈ ખોંખારીને બોલતું જ નથી! આપણે સામેથી જ લાફો ખાવા ગાલ ધર્યો. હવે કાલ સવારે પાકિસ્તાન અમદાવાદમાં રમવા તૈયાર થઈ પણ જાય તોય એણે એકવાર તો ગોધરાકાંડને યાદ કરાવી દીધો ને! આપણે એક પણ વાર કાશ્મીરના નિર્દોષ લોકો, અક્ષરધામનો હત્યાકાંડ કે સંસદભવન પરનો હુમલો યાદ કરાવ્યો?

મૂળવાત એ છે કે ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એક વેપારી સંસ્થા છે અને અમદાવાદમાં મેચ ન રમાય તો ગુજરાત ક્રિકેટ એસોસિયેશનને લાખો રૂપિયાની આવક ન થાય એટલે શ્રી નરહરિભાઈ ગુસ્સે થયા છે. બાકી, ભારતના સન્માન કે ગુજરાતના ગૌરવની વાત કયાંય નથી અને માત્ર ક્રિકેટ રમવાથી ભારત-પાકિસ્તાન સબંધ સુધરે તે વાતમાં માલ પણ નથી. જો ખરેખર બંને દેશ વચ્ચે ખેલદિલી-ભાઈચારો વિકસાવવો હોય તો ફિલ્મોનું આદાન-પ્રદાન થવું જોઈએ. વેપાર-ધંધા વિકસાવવા જોઇએ. ભારતીય માછીમારો જે પાકિસ્તાનની જેલોમાં બંધ છે તેમને છોડી મૂકવા જોઈએ. આ તો ભારતીય માછીમારોને ભારતના દરિયામાંથી પાકિસ્તાની દળો પકડી જાય એ જ દિવસે આપણે ઘેલસાગરા થઈ એમના ખેલાડીઓને મહેમાન બનાવીએ. આ તો ઠીક છે પાકિસ્તાની ટીમે અમદાવાદમાં રમવાની ના પાડી છે બાકી આ લોકો તો અમદાવાદમાં રમવા આવે ત્યારે તોફાનોના અસારગ્રસ્તોને મળવા જવાના - પ્રેસ કોન્ફરન્સ કરવાના-ગુજરાત સરકાર પર આક્ષેપો કરવાના નાટકો કરે તો આપણે શું કરી શકવાના...?



એટલે સો વાતની એક વાત કે પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાથી કાશ્મીર પ્રશ્ન ઉકલી જવાનો નથી. ક્રિકેટ રમવું તે ધંધો છે તેને ખેલદિલી કે મૈત્રીનું પ્રતીક બનાવવાની જરૂર નથી. ક્રિકેટ બોર્ડ ભારતનું હોય કે પાકિસ્તાનનું મૂળ તો તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનું ખંડિયું રાજા છે અને પોતાની આવક વધારવા માટે જ આઈસીસી આ મેચો રમવાનું દબાણ ઉભું કરે છે. ક્રિકેટ બોર્ડ પણ ભારત-પાકિસ્તાનની પ્રજાના નબળા માનસનો લાભ લઈ રોકડી કરવા જ માંગે છે. બાકી આમ ભારતીય તો પાકિસ્તાન સાથે કોઈ પણ સંબંધ રાખવાના મૂડમાં જ નથી. જ્યાં સુધી તે પોતાના કાળા કરતૂત બંધ ન કરે માટે પાકિસ્તાન અમદાવાદમાં રમવા તૈયાર ન હોય તો એની સાથે ભારતમાં ક્યાંય રમવું ન જોઈએ તેવી વાત કે પાકિસ્તાન ભારત સાથે હારી જવાની બીકે રમવાની ના પાડે છે તે વાત અર્થ વગરની છે અને મૂળ વાત છે એ આ જ કે પાકિસ્તાન સાથે રમવાની જ શી જરૂર છે? એ અમદાવાદમાં રમવા તૈયાર હોય તો પણ! ■

## કેનેડા ડાયરી

ઉત્પલ ભટ્ટ

# ખાતેદારો ખોવાયા છે

કેનેડામાં વસતા ભારતીયોની સંખ્યા દિન દુગુની, રાત ચોગુનીના હિસાબે વધતી જતી હોવાથી એમની બચતને ધ્યાનમાં રાખીને આઈ.સી.આઈ.સી.આઈ.એ ટોરન્ટોમાં પોતાની બ્રાન્ચ ખોલી છે. ભારતમાં ભલે આઈ.સી.આઈ.સી.આઈ.એ પોતાનું નામ કાઢ્યું હોય પણ ટોરન્ટો શહેરમાં નવી નવી શરુ થયેલી આઈ.સી.આઈ.સી.આઈ. બેંકને કેનેડિયન બેંકોની સરખામણીએ ખાતેદારો મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. આખા ટોરન્ટોમાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની બે જ શાખાઓ છે. એની સામે કેનેડિયન બેંકોની શાખાઓ કે એ.ટી.એમ. દર ચાર રસ્તે જોવા મળે. અધુરામાં પૂરું ભારતીય બેંક હોવા છતાં સ્ટાફમાં બહુમતી ધોળિયાઓની છે અને એમનું સંભવિત ગ્રાહકો સાથેનું વર્તન પણ તોછડાઈભર્યું હોય છે. ભારતીયોનો મૂળભૂત સ્વભાવ એવો છે કે બેંકની જાતમુલાકાત લઈને બરોબર વિશ્વાસ પડે તે પછી જ ખાતું ખોલાવે. જ્યારે આ કહેવાતી ભારતીય બેંક ઓનલાઈન ખાતું ખોલાવવાનો જ આગ્રહ રાખે છે. હજુ સુધી પૂરતા ભારતીય ખાતેદારો મળ્યા નથી ને હવે બેંકને વિદેશી ખાતેદારોને પણ આકર્ષવા છે. એ માટે ટેલિવિઝન અને રેડિયો પર ‘ખાતું ખોલાવનારને ૨૦ ડૉલરનું બોનસ’ની જાહેરાતો પણ શરુ કરી છે. શક્ય તેટલા વધુ ખાતેદારો મેળવવાના મરણિયા પ્રયાસ તરીકે હવે તેમણે બિનનિવાસી ભારતીય પ્રજા પર કમિશનિયા એજન્ટો છોડી મૂક્યા છે! આ એજન્ટોએ વિમા કંપનીના એજન્ટોને પણ સારા કહેવડાવે તે રીતની બચતખાતા ખોલાવવાની ઉઘરાણી શરુ કરી છે. આની સામે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કેનેડામાં ઘણા વર્ષોથી એકધારી ગતિએ પોતાનું કામ આગળ વધાર્યે જાય છે. સ્ટેટ બેંકમાં પ્રવેશો એટલે સંપૂર્ણ ભારતીય વાતાવરણનો અહેસાસ થાય. સ્ટેટ બેંકનો બધો જ સ્ટાફ ભારતીય છે. અને એટલે જ ખાસ કોઇ જાહેરાત વિના સ્ટેટ બેંક પાસે ઢગલો ડિપોઝિટો આવીને પડે છે કદાચ આઇ.સી.આઇ.સી.આઇ. બેંકને થોડા વખત પછી ભાન થશે કે બેંકનો વ્યાપ વધારવા માટે એકલી જાહેરાતો જ નહિ પરંતુ ઉષ્માભર્યો વહેવાર ધરાવતા અને ગ્રાહકો સાથે સારો સંબંધ જાળવી શકતા કુશળ અધિકારીઓની પણ જરૂર હોય છે. ■